જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૧૦/૨૦૨૩   શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૭૬૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ, ૧૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન, ૨ કાર અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૭૬૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-   સમાચાર યાદી નં.૧૭૬૩/૨૦૨૩

**એરપોર્ટઃ** ગીતાબહેન વા/ઓ અવધેશકુમાર રાઠોડ (રહે. ટેકવાણી ગલ સુખરામ દરબાર પાછળ સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૦/૨૦૨૩ કલાક ૦૦/૧૫ થી ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઇલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

**નિકોલઃ** જયશ્રીબહેન વા/ઓ મહીપતસિંહ ઝાલા (રહે. ખોડીયાર જ્યોત સોસાયટી સરદાર મોલ પાસે નિકોલ ગામ રોડ નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૬/૧૦/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫,૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાટ ચલાવે છે.

**કાગડાપીઠઃ** રાજેશ અમૃતલાલ ચૌહાણ (રહે. દ્વારકેશ ફ્લેટ, એમ.આર.એફ. ટાયર શો-રૂમ પાછળ ભુલાભાઇ ચાર રસ્તા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૩ કલાક ૧૧/૩૦ થી ૧૨/૦૫ વાગ્યા સુધીના સામયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૩૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૪/૨૦૨૩**

**મણીનગરઃ** સંજયભાઈ જીવરાજભાઈ સોલંકી (રહે.ગામ-સણોસરા તા-શિહોર જી-ભાવનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે સંજયભાઈ સોલંકી એસ.ટી.બસમાં કંડકટર તરીકે નોકરી કરતા હોઈ મણીનગર સ્વામિનારાયણ મંદિર છેલ્લુ બસ સ્ટેશન હોઈ તા.૨૬/૧૦/૨૦૨૩ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે મણીનગર સ્વામિનારાયણ મંદિર સામે પાર્ક કરેલ એસ.ટી.બસની ઉપર સુતા હતા ત્યારે બસ ઉપર મુકેલ બેગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં ઈ.ટી.એમ.ટીકીટનું મશીન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.એન.ડી.પટેલ ચલાવે છે.

**પર્સ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૫/૨૦૨૩**

**માધવપુરાઃ** માધવીબહેન વા/ઓ હિમાંશુભાઇ ટાંક (ઉ.વ.૨૬) (રહે. શ્રી હરી અર્જુન એપાર્ટમેન્ટ ચાણક્યપુરી ઓવરબ્રીજ પાસે ચાંદલોડીયા રેલ્વે સ્ટેશનની બાજુમાં ઘાટલોડીયા) તા.૨૩/૧૦/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે ઓટોરિક્ષામાં બેસી પ્રેમ દરવાજા સર્કલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટુ વ્હીલર વાહન ઉપર આવેલ બે પુરૂષ માધવીબહેનના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાની ચેઇન નંગ-૩, સોનાની બુટ્ટી નંગ-૦૨, સોનાની વીંટી નંગ-૧, ચાંદીની વિંટી નંગ-૧ અને રોકડ રૂપિયા ૧૦૦૦/- તેમજ મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૨,૧૧,૫૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ માધવીબહેન ટાંક એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.રાઠોડ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૬/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સિટીઃ** પલીયડનગર સ્વેતા સોસાયટી સામે શિવમ એલીગ્રિશની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને સેંટિંગનું કામ કરતા વિક્રમ લહુટીરામ રાજભર (ઉ.વ.૪૪) (મુળ વતન. ગામ-દેવહર તા-ટાંડા જી-આંબેડકટર ઉતરપ્રદેશ) તા.૨૪/૧૦/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સાઇટની સીડીઓ ચડતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૦/૨૦૨૩ કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.પંડ્યા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૭/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** વિશ્વા ડો/ઓ અપુર્વ શાહ (ઉ.વ.૨૬) (રહે. દેવર્ષિ બંગલોજ અંજતા ઇલોરા સામે થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સહદેવસિહ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** પાર્થ સ/ઓ કાંતિભાઈ ચાવડા (ઉ.વ.૧૭) (રહે. મથુર માસ્તરની ચાલી ઉદયનગર પાસે નેશનલ હેંડલુમની ગલીમા અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી